જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૫/૨૦૨૧ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૯૦૪/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૨/૦૫/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૪૮૭ | ૫ | ૧૧૪૯૨ | ૧૭૬૦૬ | ૫ | ૧૭૬૧૧ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૦૮ | ૦ | ૪૭૦૮ | ૬૨૪૩ | ૦ | ૬૨૪૩ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૮૩ | ૦ | ૮૩ | ૩૦૧ | ૦ | ૩૦૧ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૪૭૮૦૪ | ૩૯૯ | ૪૮૨૦૩ | ૪૮૫૨૪ | ૩૯૦ | ૪૮૯૧૪ |
| કુલ | | ૬૪૦૮૨ | ૪૦૪ | ૬૪૪૮૬ | ૭૨૬૭૪ | ૩૯૫ | ૭૩૦૬૯ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭૬ | ૧,૩૭,૦૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૭૭૮ | ૧૭,૭૮૦૦૦/- |

## આર્મ્સ એક્ટ મુજબના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન

## પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન “એક રીવોલ્વર તથા “છ” કાર્ટીઝ” સાથે બે ઇસમોને પકડી પાડતી - નરોડા સર્વેલંસ સ્ક્વોડ.

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન નાઓએ હાલમાં ચાલતી કોરોના મહામારી અનુશંધાને આપવામાં આવેલ લોકડાઉનના ચુસ્તપણે પાલન કરાવવા સારૂ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોઇ જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના “પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી “પી.બી.ખાંભલા” નાઓના માર્ગદર્શન હેઠળ સર્વે સ્કોડના પો.સબ.ઇન્સ.જે.જી.કામળીયા તથા સાથેના સર્વેલંન્સ સ્ક્વોડના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો.કો.પિયુષ નટવરલાલ તથા પો.કો.પંકેશભાઇ ધનાભાઇ તથા એલ.આર.અભિષેક અશ્વિનકુમાર નાઓની ખાનગી બાતમી આધારે “નરોડા સૈજપુર ટાવર પાસે આવેલ ચૌધરી હોસ્પીટલની પાસેથી આરોપીઓ નામે (૧) હર્ષદકુમાર નટવરલાલ સોલંકી ઉ.વ ૨૭ ધંધો નોકરી રહે એ/૪૦ અશ્વમેધ સોસાયટી આઈ.ઓ.સી રોડ ચાંદખેડા અમદાવાદ શહેર તથા નં (૨) મનોજસિંહ જેસંગસિંહ સગર (રાજપુત) ઉ.વ ૨૮ ધંધો કલાકાર રહે પટેલવાસ રામજીમંદિરપાસે રતનપુર ગામ વસ્ત્રાલ અમદાવાદ શહેર મુળ વતન ગામ વાસવા તા વિરમગામ જી અમદાવાદ શહેર નાને (૧) એક રીવોલ્વર તથા છ કાર્ટીઝ સાથે કિ રૂ ૨૫,૦૦૦/- (૨) મોબાઇલ નંગ-૩ કિ રૂ ૧૪,૦૦૦/- તથા (૩) રોકડ રુપીયા ૫૦૪૦/- તથા (૪) વેગેનાર કાર કિ.રૂ ૧,૦૦,૦૦૦/- મળી કુલ્લે રૂ ૧,૪૪,૦૪૦/- નો મુદ્દામાલ સાથે તા.૨૨/૦૫/૨૦૨૧ ના કલાક ૧૬/૦૦ વાગે ધી આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)(બી-એ) તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે.તા-૨૨/૦૫/૨૦૨૧

### આરોપીઓના નામ ;-

(૧) હર્ષદકુમાર નટવરલાલ સોલંકી ઉ.વ ૨૭ ધંધો નોકરી રહે એ/૪૦ અશ્વમેધ સોસાયટી આઈ.ઓ.સી રોડ ચાંદખેડા અમદાવાદ શહેર તથા નં.(૨) મનોજસિંહ જેસંગસિંહ સગર (રાજપુત) ઉ.વ ૨૮ ધંધો કલાકાર રહે પટેલવાસ રામજીમંદિરપાસે રતનપુર ગામ વસ્ત્રાલ અમદાવાદ શહેર મુળ વતન ગામ વાસવા તા.વિરમગામ જી.અમદાવાદ શહેર

### મુદ્દામાલ

(૧) એક રીવોલ્વર તથા છ કાર્ટીઝ સાથે કિ રૂ ૨૫,૦૦૦/- (૨) મોબાઇલ નંગ-૩ કિ રૂ ૧૪,૦૦૦/- તથા (૩) રોકડ રુપીયા ૫૦૪૦/- તથા (૪) વેગેનાર કાર કિ.રૂ ૧,૦૦,૦૦૦/- મળી કુલ્લે રૂ ૧,૪૪,૦૪૦/- નો મુદ્દામાલ

## કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વે સ્વોડ પો.સ.ઇ. જે.જી.કામળીયા તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા પો.કો.દિલીપભાઇ ભરતભાઇ બ.નં.૫૯૬૪ તથા પો.કો.રણજીતસિંહ પ્રતાપસિંહ બ.નં.૪૯૯૦ તથા પો.કો.પ્રકાશકુમાર ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા પો.કો.પંકેશ ઘનાભાઇ બ.નં.૪૦૫૬ તથા પો.કો.વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પો.કો.પ્રદીપકુમાર રામાભાઇ બ.નં.૧૦૩૬૧ તથા પો.કો.પિયુષ નટવરલાલ બ.નં.૧૦૧૭૬ તથા પો.કો.પ્રવિણભાઇ વાઘાભાઇ બ.નં.૫૧૬ તથા એલ.આર. ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ તથા એલ.આર મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં-૧૪૬૭ તથા એલ.આર. વિક્રમ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨ તથા એલ.આર.અભિષેક અશ્વિનકુમાર બ.નં.૭૦૦૫









# તડીપાર થયેલ આરોપીની અટકાયતની વિગત

**કાલુપુર પોલીસ સ્ટેશન**

## અમદાવાદ શહેર તેમજ આસપાસના જીલ્લાઓમાથી તડીપાર ઇસમને પ્રતિબંધિત વિસ્તારમાંથી પકડી કાયદેસરની કાર્યવાહી કરતી કાલુપુર પોલીસ

મે.પો.કમી.સા.શ્રી તથા સંયુક્ત પોલીસ કમિશ્નર.શ્રી સેકટર-૧ સા.તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૩ સાહેબ નાઓની સુચનાથી અને મે.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "ડી" ડીવીઝન સાહેબ તથા કાલુપુર પોલીસ ઇન્સપેકટર ડી.જે.ચુડાસમા સાહેબના માર્ગદર્શન હેઠળ મિલ્કત સંબંધી ગુન્હા શોધી કાઢવા સારૂ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ એસ.બી.સરવૈયા સાહેબ તથા હે.કો.ધર્મેન્દ્રસિંહ દોલતસિંહ બનં-૭૮૪૨ તથા હે.કો.મુકેશભાઇ જાયમલભાઇ બનં-૬૦૪૪ તથા હે.કો. ભરતકુમાર નાનજીભાઇ બનં-૫૯૭૯ તથા હે.કો.મહેબુબખાન નસીબખાન બનં-૫૪૧૫ તથા પો.કો.રાહુલભાઇ મનોજભાઇ બનં-૧૦૩૦૮ તથા પો.કો.વિપુલભાઇ શંકરભાઇ બનં-૭૬૫૪ તથા અ.લો.ર.મહેન્દ્રસિંહ જોરસંગભાઇ બનં-૫૬૧ વિગેરે સ્ટાફના માણસો સાથે પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન કાલુપુર કડીયાકુઇ ચાર રસ્તા રીલીફ રોડ ખાતે આવતા સાથેના અ.હે.કો.ધર્મેન્દ્રસિંહ દોલતસિંહ બનં-૭૮૪૨ તથા પો.કો.વિપુલભાઇ શંકરભાઇ બનં-૭૬૫૪ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે મોહંમદ ફરહાન S/O મોહંમદ ઇખલાક જાતે-શેખ ઉવ-૨૧ ધંધો-ડ્રાઇવિંગ રહે-મનં-૫૭૫/૩૪ હાજીના ડહેલામાં આનંદ ક્લોથ માર્કેટ પાસે સારંગપુર કાલુપુર અમદાવાદ શહેર નાને ઇ ગુજકોપ પોકેટકોપ સોફ્ટવેર આધારે નામ સર્ચ કરી સદરી ઇસમ ગુનાહીત ઇતિહાસ ધરાવતો હોય પકડી અટક કરવામાં આવેલ અને સદરીને સરખેજ પો.સ્ટે.થી મે.મદદનીશ પોલીસ કમિશ્નર, "એ"/ડિવીઝન/હદપ/ ૦૪/૨૦૨૧ તા-૦૧/૦૪/૨૦૨૧ થી તડીપાર કરેલ હોય જે તડીપાર હુકમનો ભંગ કરી મળી આવતા કાલુપુર પો.સ્ટે.પાર્ટ-બી/૧૧૧૯૧૦૨૬૨૧૦૯૦૪/૨૦૨૧ જી.પી.એક્ટ.કલમ-૧૪૨ મુજબનો ગુનો દાખલ કરી તા.૨૧/૦૫/૨૦૨૧ ના કલાક ૨૧/૪૫ વાગે અટકાયત કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

**આરોપીનો પૂર્વ ઇતિહાસ:-**

(૧) એરપોર્ટ પો.સ્ટે-પાર્ટ-એ-૧૧૧૯૧૦૪૬૨૦૦૦૧૮/૨૦૨૦ ધી.ગુ.પશુ.સં.અધિ.કલમ-૫,૬,૭,૮ તથા નગર પાલીકા નિગમો અધિનિયમ કલમ-૩૩૫,૩૯૨ મુજબ

(૨) સરખેજ પો.સ્ટે-પાર્ટ-બી-પશુ પ્રત્યે ક્રુરતા પ્રતિબંધ અધીનિયમ કલમ-૫,૬,૬(૧),૭,૮ તથા પશુ પ્રત્યે ઘાતકીયપણુ અટકાવવાના અધીનિયમ કલમ-૧૧(૧)એ,૧૧(૧)આઇ,૧૧(૧)ડી,તથા નગર પાલીકા નિગમો અધિનિયમ કલમ-૩૩૫,૩૯૨.તથા ઇપીકો કલમ-૪૨૯ મુજબ



# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

**કૃષ્ણનગર પોલીસ સ્ટેશન**

**કૃષ્ણનગર પો.સ્ટે ના છેલ્લા બે વર્ષથી ચીટીંગ ના ગુનામાં CRPC કલમ-૭૦ મુજબના વોરન્ટ વાળા નાસતા ફરતા આરોપી નાને પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ**

મહે.પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજય ગાંધીનગર નાઓએ હાલમાં નાસતા ફરતા આરોપી પકડવા અંગેની ડ્રાઇવ અનુસંધાને મહે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબશ્રી નાઓએ રાખેલ સ્પેશ્યલ ડ્રાઇવ અનુસંધાને તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.ચૌહાણ સાહેબ નાઓના સીધા દેખરેખ હેઠળ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો તા.૨૩/૦૫/૨૦૨૧ ના કલાક.૧૦/૦૦ વાગ્યાથી પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા કલાક,૧૧/૨૫ વાગે જી.ડી.ચાર રસ્તા ખાતે આવતા સાથેના **અ.હેડ.કોન્સ દિનેશભાઇ જીવાજી બ.નં-૮૧૮૧ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨** નાઓની સંયુકત ખાનગી બાતમી હકિકત આધારે કૃષ્ણનગર પો.સ્ટે ના **ફસ્ટ.ગુ.ર.નં-૧૭૪/૨૦૧૯ તા.૨૮/૦૯/૨૦૧૯ ઇ.પી.કો.કલમ-૪૦૬,૪૨૦,૧૧૪ મુજબ** ના ગુન્હાના કામે નાસતા ફરતા સી.આર.પી.સી.કલમ-૭૦ મુજબના વોરન્ટ વાળા આરોપી ધ્રુમિન સ/ઓ પ્રવિણભાઇ વિશાભાઇ જાતે પટેલ ઉ.વ.૩૧ ધંધો-વેપાર રહે-મ.નં.૧૪,આધુનિક પાર્ક સોસાયટી અનિલ સ્ટાર્ચ મીલ રોડ મંચ્છાની મસ્જીદ પાસે બાપુનગર અમદાવાદ શહેર મૂળ વતન ગામ-કાતરોલી તા.કડી જીલ્લો-દેત્રોત નાનો કે જે છેલ્લા બે વર્ષથી સદર ગુન્હામાં નાસતો ફરતો હોય અને સી.આર.પી.સી.કલમ-૭૦ મુજબ નુ વોરન્ટ ઇશ્યુ થયેલ હોય જે આરોપી નાને પોતાના રહેણાંક મુકામે થી બાતમી હકિકત આધારે આજરોજ તા.૨૩/૦૫/૨૦૨૧ ના ક.૧૩/૪૦ વાગે પકડી પાડી સારી કામગીરી કરેલ છે તા.૨૩/૦૫/૨૦૨૧

આરોપીનું નામ :- ધ્રુમિન સ/ઓ પ્રવિણભાઇ વિશાભાઇ જાતે પટેલ ઉ.વ.૩૧ ધંધો-વેપાર રહે-મ.નં.૧૪,આધુનિક પાર્ક સોસાયટી અનિલ સ્ટાર્ચ મીલ રોડ મંચ્છાની મસ્જીદ પાસે બાપુનગર અમદાવાદ શહેર મૂળ વતન ગામ-કાતરોલી તા.કડી જીલ્લો-દેત્રોત

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા એ.એસ.આઇ અશ્વિનકુમાર રામજીભાઇ બ.નં-૧૩૪૭૨ તથા એ.એસ.આઇ જીતેંદ્રસિંહ જ્ઞાનસિંહ બ.નં-૯૧૧૧ તથા અ.હેડ.કોન્સ દિનેશભાઇ જીવાજી બ.નં-૮૧૮૧ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા લોકરક્ષક કાનભા જગદિશસિંહ બ.નં-૭૦૯૮ તથા અ.પો.કોન્સ લાલાભાઇ દેવાભાઇ બ.નં-૭૫૫૫ તથા સતિષકુમાર જયંતીભાઇ બ.નં-૭૦૭૮



# પાસા અટકાયતની વિગત

## શાહીબાગ પોલીસ સ્ટેશન

## પ્રોહીબીશન સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,' એફ 'ડીવીઝન, અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબીશન સંબંધી ગુનાઓની પ્રવૃતિ સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય તેમજ આવા બનાવોમા પકડાયેલ આરોપીઓ વિરૂધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સ શ્રી કે.ડી.જાડેજા સા. નાઓએ પો.સ્ટે.વિસ્તારમાં મિકલત સંબંધી ગુનાઓ કરતો ઈસમ વિજયકુમાર સ/ઓ ગોવિંદભાઈ ઠાકોર(સોઢા) ઉ.વ.૨૪ રહે:૧૧ ઓરડી પ્રભુનગર સર્કલની સામે,અસારવા શાહીબાગ અમદાવાદ શહેર ના વિરુદ્ધ શાહીબાગ પો.સ્ટે ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૧૨૧૦૬૬૮/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(એ), ૬૫(ઇ), ૮૧, ૯૮(૨) ૧૧૬(બી), મુજબના ગુનાઓ નોધાયેલ હોય અને સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા કરેલ હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૩૭૫/૨૦૨૧ તા.૨૨/૦૫/૨૦૨૧ ના આધારે સદરી આરોપીની પાસા અટકાયતના હુકમની તા.૨૨/૦૫/૨૦૨૧ ના રોજ બજવણી કરી સદરી આરોપીને નામદાર કોર્ટના હુકમ આધારે કોરોના ટેસ્ટ કરાવી જરૂરી જાપ્તા સાથે અધિક્ષક શ્રી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપેલ.

## આરોપીનુ નામ:-

વિજયકુમાર સ/ઓ ગોવિંદભાઈ ઠાકોર(સોઢા) ઉ.વ.૨૪ રહે:૧૧ ઓરડી પ્રભુનગર સર્કલની સામે,અસારવા શાહીબાગ અમદાવાદ શહેર

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:-

(૧) પો.સ.ઈન્સ આર. પી. ડાભી તથા સર્વલન્સ ટીમના માણસો
(૨) મ.સ.ઇ રવિન્દ્ર ગંગારામ
(૩) અ.વુ.પો.કો.નિલમબેન નાથાભાઈ બ.નં.૯૭૦૪
(૪) અ.લો.૨.પરેશકુમાર અણદાભાઇ

## ચાંદખેડા પોલીસ સ્ટેશન

## પ્રોહીબિશન સબંધી પાસા

માનનીય પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૧ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ સાહેબશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબશ્રી 'એલ' ડિવીઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં પ્રોહી/જુગારની પ્રવૃત્તિ સદંતર નેસ્ત નાબુદ કરવા સુચના કરેલ હોય જે આધારે પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ચાંદખેડા પોલીસ સ્ટેશન નાઓના સુપરવિઝન હેઠળ અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે આવા ગુનાઓ આચરતા ઈસમો ઉપર સતત વોચ રાખી અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૧૦૦૮૨૧૦૧૬૭/૨૧ ધી પ્રોહી એકટ કલમ ૬૬(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબના ગુનાના કામના આરોપી ધર્મેન્દ્રસિંહ ઉર્ફે પપ્પુ સ/ઓ મુલચંદભાઇ જાતે-પઢીયાર ઉ.વ.૩૯ રહે-ઘર નંબર એ/૧૦, પ્રહલાદપાર્ક સોસાયટી (શુભલક્ષ્મી સોસાયટી) ઉમા ભવાની ફાટક પાસે ચાંદખેડા અમદાવાદ શહેર નાનો પોલીસથી ચોરી છુપી વગરપાસ પરમીટે નિશાન કંપનીની સન્ની ફોર વ્હીલ ગાડી આર.ટી.ઓ. નંબર જી.જે.૧-કે.આર.-૭૫૧૪માં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરેલ અલગ-અલગ બ્રાન્ડની કાચની સીલબંધ બોટલ નંગ-૧૪૪ કિ.રૂ. ૮૪,૮૪૦/- તથા ટીન બિયર નંગ-૨૪ કિ.રૂ. ૩૪૮૦/- તથા ગાડીની કિ.રૂ.૨,૦૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૨ કિ.રૂ.૧૦,૫૦૦/- મળી કુલ્લે કિ.રૂ. ૨,૯૮,૨૮૦/-ના મુદ્દામાલ સાથે મળી આવેલ અને સદરી આરોપીની આવી પ્રવૃતિ પ્રોહી કલમ ૯૩ કે જી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય જેથી સદરી આરોપી વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંકઃ પીસીબી/ડીટીએન/ પાસા/૩૭૪/૨૦૨૧ તા.૨૨/૦૫/૨૦૨૧ થી સદરી આરોપીને ખાસ જેલ પલારા ભુજ જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરેલ સદરી આરોપીને આજરોજ તા.૨૨/૦૫/૨૦૨૧ કલાક ૨૧/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે ખાસ જેલ પલારા ભુજ ખાતે મોકલી આપેલ છે.

**કામગીરી કરનાર :-**

(૧) પો.ઇન્સ.કે.વી.પટેલ
(૨) અ.હે.કો. સુરેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૭૦૦૩
(૩) પો.કોન્સ.ગુણવંતસિંહ અજીતસિંહ બ.નં.૬૬૭૮
(૪) પો.કોન્સ.પ્રકાશભાઇ કાંતીભાઇ બ.નં.૧૩૧૬૭



## ઓઢવ પોલીસ સ્ટેશન

### પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને ભુજ જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

### પાસા અટકાયતી :-

ભુનેશ્વરસિંહ ઉર્ફે સુનીલ ઉર્ફે બુલુર સ/ઓફ તેજબહાદુરસિંહ વાસુદેવસિંહ જાતે-ઠાકુર ઉ.વ.૫૦ ધંધો-છૂટક મજુરી રહે.મ.નં.બી/૪૦૩ પુષ્પરેસીડેન્સી ફલેટ વિભાગ-૧ વસ્ત્રાલ નિરાંત ચોકડી પાસે અમદાવાદ શહેર મૂળ ગામ પીરૂપુર તા.ચડવા ચંદીકન જીલ્લો.પ્રતાપગઢ ઉત્તરપ્રદેશ પાસામાં

### ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

(૧) રામોલ પો સ્ટે સી/૧૧૧૯૧૦૨૪૨૦૩૭૧/૨૦૨૦ ધી પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી) ૬૫(એ) ૬૫(ઇ) ૧૧૬(બી) ૮૧ મુજબ મુજબ (૨) ઓઢવ પો સ્ટે સી/૧૧૧૯૧૦૩૭૨૧૦૪૧૦/૨૦૨૧ ધી પ્રોહી એકટ કલમ ૬૬ બી , ૬૫ એ, ઇ ૧૧૬ (બી) , ૯૮ (૨) ૮૧ (૩) રામોલ પો.સ્ટે ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૪૨૧૦૩૭૩/૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)(બી) ૬૫(એ) ૬૫(ઇ) ૧૧૬(બી) ૮૧ ૯૮(૨) મુજબ

### પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં – પીસીબી/ડીટીએન/પાસા/૩૭૨/૨૦૨૧ તા.૨૨/૦૫/૨૦૨૧ તથા બજવણી તા. ૨૨/૦૫/૨૦૨૧ ના કલાક ૨૨/૦૦ વાગે :- ભુજ જેલ

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો. સ. ઈ શ્રી ડી બી પલાસ તથા એ એસ આઇ પરથીભાઇ પુરાભાઇ બ. નં- ૩૧૫ તથા પો.કો ધીરૂભાઇ જીવણભાઇ બ નં ૧૧૬૬૨ તથા પો.કો યુવરજસિંહ જુવાનસિંહ બ.નં. ૧૨૭૯૧

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૦૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૬૧ લીટર દેશી દારૂ, ૮૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૧ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી ૩૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૫,૭૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૦૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૯૦૭/૨૦૨૧**

**સોલા હાઈકોર્ટઃ** કિશોરસીંગ જસપાલભાઇ રાજપુરોહીત (ઉ.વ.૪૫) (રહે. લક્ષ્મીકૃપા એપાર્ટમેન્ટ પારસનગર પાસે સોલા રોડ) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મોબાઈલ નંબર ૯૬૩૬૫૬૭૯૫૧ ના ધારકે ફેસબુક પર ગાડી વેંચવા મુકતા કિશોરસીંગ રાજપુરોહીતને ગાડી લેવાની હોવાથી સંપર્ક કરતા મોબાઈલ ધારકે પોતાનુ નામ નિલેષભાઇ જણાવી આર્મીમેનની ઓળખ આપી કિશોર્સીંગ રાજપુરોહીતને વિશ્વાસમા લઇ ગાડી નંબર જીજે ૧૮ બીએમ ૩૫૧૪ કિમત રૂપિયા ૧,૭૧,૦૦૦/- વેચાણ આપવાનુ નક્કી કરી અલગ-અલગ બેંકના ખાતામાં રૂપિયા ૧,૭૧,૦૦૦/- ટ્રાન્સફર કરાવી મેળવી લઈ આજદિન સુધી ગાડી નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૯૦૮/૨૦૨૧**

**વેજલપુરઃ** પ્રકાશભાઈ નગીનદાસ મુંજપરા (સોની) (ઉ.વ.૪૮) (રહે.ખુશ્બુ ફ્લેટ શેઠની પોળ લાખા પટેલની પોળની અંદર સાંકળી શેરી માણેકચોક ખાડીયા) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૫/૨૦૨૧ સાજના ૭/૦૦ વાગ્યાના સુમારે વેજલપુર સાલપરા ફાટક પાસે આવેલ યોગેશ્વર સોસાયટીમાં "વાઘેશ્વર જ્વેલર્સ" નામની દુકાનમા ચાંદીના ઘરેણા ધોવા માટેનુ કેમીકલ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૧૧/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી દિનેશકુમાર ભુરાભાઈ ચલાવે છે.

**સોલા હાઇકોર્ટઃ** ભાનુબહેન વા/ઓ અરવિંદભાઇ દંતાણી (ઉ.વ.૨૧)(રહે.ગણેશચોક ગોતા હાઉસીંગ ગોતા) એ પતિ સાથે મનમેળ ના હોઈ મનમાં લાગી આવતા તા.૨૧/૦૫/૨૦૨૧ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી "ક" વિભાગ ચલાવે છે.

**વાડજઃ (૧)** સિમરનકૌર ડો/ઓ સુખવિન્દરસિંગ કલ્યાણ (ઉ.વ.૧૮) (રહે.સમુબહેનની ચાલી રામકોલોની નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૫/૨૦૨૧ સવારના કલાક ૧૧/૩૦ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના છતની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એન.ચૌધરી ચલાવે છે.

**વાડજઃ (૨)** વિનોદભાઇ સોમાભાઇ સોલંકી (ઉ.વ.૫૩)(રહે.ચંન્દ્રભાગા હાઉસીંગ શ્રીનાથ એપાર્ટમેન્ટની બાજુમા નવા વાડજ) એ બિમારીથી કંટાળી તા.૨૨/૦૫/૨૦૨૧ બપોરના ૩/૪૫ થી ૪/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં રૂમાલ બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એન.ચૌધરી ચલાવે છે.

**અમરાઈવાડીઃ** દક્ષાબહેન કાનજીભાઈ પરમાર (ઉ.વ.૪૭) (રહે.શાંતિનગર જનતાનગર સામે અમરાઈવાડી) ના પતિ તા.૦૫/૦૫/૨૦૨૧ ના રોજ મહામારીમાં અવસાન પામતા દક્ષાબહેનને મનમાં લાગી આવતા તા.૨૨/૦૫/૨૦૨૧ સવારના ૮/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.એમ.બારોટ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી